1. ખનન એટલે શું? તેના પ્રકાર લખો. (March 19).

➢ ખનન એટલે પૃથ્વીમાંથી ખનીજો મેળવવા જમીન પરથી માટી કે રેતીને દૂર કરવી, ખોદકામ કરવું, સુરંગો દ્વારા પથ્થરો તોડવા અને જમીનની અંદર વધુ ઊંડાઈએથી ખનીજો મેળવવા સારકામ કરવું. ખનનના બે પ્રકાર છે ધરાતલ અને ભૂમિગત ખનન, ધરાતલ ખનન વધુ સરળ, સુરક્ષિત અને પ્રમાણમાં ઓછું ખર્ચાળ છે. જો ખનીજો પૃથ્વીની સપાટીથી વધારે ઊંડાઈએ હોય છે ત્યારે ભૂમિગત ખનનવિધિનો ઉપયોગ કરવો પડે છે તે વધુ મુશ્કેલ, અસુરક્ષિત અને ખર્ચાળ છે.

2. દ્વિતીયક પ્રવૃત્તિનાં લક્ષણો આપો. (March 18)

➢ દ્વિતીયક પ્રવૃત્તિનાં લક્ષણો નીચે પ્રમાણે છે : માનવી દ્વારા કાચા માલમાંથી રૂપાંતરિત ચીજો બનાવવી. અહીં, પ્રાથમિક ક્ષેત્રનાં ઉત્પાદનોનો ઉપયોગ થાય છે. દ્વિતીયક પ્રવૃત્તિના કારણે પ્રાકૃતિક સંસાધનોનું મૂલ્ય વધી જાય છે. કપાસની કિંમત કરતાં તેમાંથી બનાવેલા તારની કિંમત વધી જાય

3. ઉદ્યોગ એટલે શું?

➢ ભૂગોળવેત્તાઓ ઉધોગ શબ્દનો અર્થ એ પ્રવૃત્તિનું વર્ણન કરવા માટે કરે છે. જે ખેતી, જંગલ, મત્સ્યાયન, ખનનપ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત પ્રાથમિક ઉત્પાદનોની પ્રક્રિયા અને નવી ચીજવસ્તુના નિર્માણ સાથે જોડાયેલી હોય છે. પ્રાથમિક પ્રવૃત્તિથી અલગ કરવા માટે ઉદ્યોગને 'દ્વિતીયક પ્રવૃત્તિ' પણ કહે છે.

4. લઘુ ઉધોગ એટલે શું?

➢ આ પ્રકારના ઉદ્યોગમાં શ્રમિકોની સંખ્યા વધારે, વધુ મૂડીરોકાણ, યંત્રોનો ઉપયોગ અને ગૃહઉદ્યોગની તુલનામાં આ ઉદ્યોગ કદમાં વિસ્તૃત હોય છે, રોજગારીની તકો અહીં વધારે હોવાથી સ્થાનિક લોકોની આવક વધે છે, કાપડ, રમકડાં, ફર્નિચર, ખાદ્ય તેલ, ચામડાનો સામાન વગેરેનું ઉત્પાદન લઘુ ઉદ્યોગના એકમો દ્વારા થાય છે. ભારત, ચીન, બ્રાઝિલ, ઇન્ડોનેશિયા વગેરે દેશોમાં લઘુ ઉદ્યોગનો વિકાસ થયો છે.

5. મોટા પાયાના ઉદ્યોગ (ભારે ઉદ્યોગ) કોને કહે છે?

➢ આ પ્રકારના ઉદ્યોગ માટે વિસ્તૃત બજારો, જુદા જુદા પ્રકારનો કાચો માલ, ઊર્જાના સાધનો, કુશળ કારીગરો, વધારે મૂડી, ભારે યંત્રસામગ્રી, પાકી સડકો, રેલમાર્ગ, વીજળીની પ્રાપ્તિ, પાણી, બેંકો અને વીમાની સગવડો વધુ માત્રામાં જોઈએ છે. અહીં વ્યવસ્થાતંત્ર જટિલ પ્રકારનું હોય છે, લોખંડપોલાદ, યંત્રસામગ્રી, પરિવહનનાં સાધનો બનાવવાં, સિમેન્ટ ઉદ્યોગ વગેરે મોટા પાયાના ઉદ્યોગ છે.

6. વર્તમાનમાં પણ પ્રાથમિક પ્રવૃત્તિઓ કરતા લોકો કયા કયા છે?

➢ વર્તમાનમાં પ્રાકૃતિક પર્યાવરણમાં કશું જ પરિવર્તન કર્યા વિના સ્વાશ્રયી અવસ્થામાં કેટલાક લોકો જીવન જીવી રહ્યા છે, જેમ કે ઑસ્ટ્રેલિયાના બ્લેક ફેલોઝ, આફ્રિકા ખંડના પિગ્મી તથા બૂશમેન, અલાસ્કાના એરિકમો, યુરોપ ખંડના લેપ લોકો, અમેરિકા ખંડના રેડ ઇન્ડિયન્સ, દક્ષિણ ભારતના પાલિયાન અને મલેશિયાના સેમાંગ વગેરે.